**મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક-ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મંડળ, પુણે-૫**

# કૃતિ પત્રિકા

**વિષય : ગુજરાતી (દ્વિતીય/તૃતીય ભાષા)**

**ગુણ - ૮૦** **ધોરણ - દસમું** **સમય - ૩ કલાક**

## વિભાગ-૧ ગદ્ય

**પ્ર.૧ અ)** નીચેનો ગદ્યખંડ વાંચી આપેલી કૃતિ કરો.

**અ-૧ ઘટનાક્રમ પ્રમાણે લખો.** **ક્ર(૨)**

૧) રાતે દેવના બારણા તો તાળું મારી વાસી જ દીધાં હતાં.

૨) તેમણે સત્યના સંરક્ષણ માટે દેવને પ્રાર્થના કરી.

૩) એક કાળે શૈવો અને વૈષ્ણવો વચ્ચે તકરાર થઈ કે આ દેવ તે શિવ છે કે વિષ્ણુ.

૪) આયુધો મૂર્તિ સમક્ષ મૂકવાં અને સવારે જેનાં આયુધ મૂર્તિએ ધાર્યા હોય તે દેવની મૂર્તિ છે એમ સૌએ સ્વીકારવું.

પરમાત્માના અહીં સાક્ષાત નિવાસના પ્રમાણ રૂપે એક કથા આ બાલાજીએ ધારેલાં શંખચક્રને અંગે પ્રચલિત છે. કહે છે આ મૂર્તિના હાથમાં પહેલાં કંઈ જ ન હતું. એક કાળે શૈવો અને વૈષ્ણવો વચ્ચે તકરાર થઈ કે આ દેવ તે શિવ છે કે વિષ્ણુ? દરેક પક્ષ દેવને પોતાના મનાવવાનો આગ્રહી બન્યો. એનો નિવેડો છેવટે દેવ ઉપર જ છોડી દેવામાં આવ્યો. એમ ઠરાવવામાં આવ્યું કે શિવ અને વિષ્ણુ બંનેના આયુધો મૂર્તિ સમક્ષ મૂક્યાં અને સવારે જેનાં આયુધ મૂર્તિએ ધાર્યા હોય તે દેવની તે મૂર્તિ છે એમ સૌએ સ્વીકારવું. અલબત, કોઈ પ્રપંચ ન કરે એટલા માટે રાતે દેવનાં બારણાં તો તાળું મારી વાસી જ દીધાં હતાં.

રખે અસત્ય જીતી જાય એ ભયે તે વખતે આદિશેષના અવતાર રૂપ મનાતા શ્રી રામાનુજમ, જે અહીં આ ઝઘડામાં હાજર હોવા જોઈએ, તેમણે રાતે નાગનું રૂપ લીધું. બારણાં તો બંધ હતાં એટલે ગર્ભગૃહમાંથી પાણી નીકળવાની જે મોરી હતી તે વાટે થઈ ને તે અંદર પેઠા તેમણે સત્યના સંરક્ષણ માટે દેવને પ્રાર્થના કરી. અને દેવે શંખચક્ર ધારી લીધાં. સવારમાં બન્ને પક્ષ જુએ છે તો બાલાજી શંખચક્રથી મંડિત હતા શૈવ પક્ષને કંઈ કાવતરાની ગંધ આવી. પણ તે શું કરે? મંદિરમાં પેસવાની જગા એક માત્ર પેલી મોરી હતી, અને તેમાંથી તો માત્ર સાપ જેવું જ કોઈ દાખલ થઈ શકે. શૈવોને લાગ્યું કે કોઈ ને કોઈ રીતે રામાનુજમ્ અંદર ગયા હોવા જોઈ એ. પણ એનો પુરાવો શો? છેવટે તેમણે એ મોરી બંધ કરી દઈને સંતોષ માન્યો. આજે પણ એ જળમાર્ગ બંધ છે. અને ગર્ભગૃહનું પાણી ઉલેચીને બહાર કાઢવામાં આવે છે ! દેવના સાક્ષાત વાસનું કેવું ઉત્તમ પ્રમાણ !

**અ-૨** **૧) નામ લખો.** **(૧)**

૧) શખચક્રથી મંડિત દેવ [ ]

૨) નાગનું રુપ લેનાર [ ]

**૨) યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો.** **(૧)**

મંદિરમાં પેસવાની જગા એક માત્ર -------------

અ) પેલી બારી હતી

બ) પેલી મોરી હતી

ક) પેલો દરવાજો હતો

**અ-૩ ફકરામાં વપરાયેલ શબ્દ લખો.** **(૨)**

| શસ્ત્રો | દેવ | નીર | શ્રેષ્ઠ |
| --- | --- | --- | --- |
| | | | |

**અ-૪ તમે લીધેલા ધાર્મિક સ્થળની મુલાકાતનું વર્ણન કરો.** **(૨)**

---

**બ) નીચેનો ગદ્યખંડ વાંચી આપેલી કૃતિ કરો.**

**બ-૧ વિધાનો સાચા છે કે ખોટાં તે લખો.** **(૨)**

૧) ચાર રોટલા તૈયાર થયા હતા. (----------)

૨) મેં સ્નાન કર્યું અને સંધ્યા કરવા બેઠો. (----------)

૩) બાકીના બે આ યુવાન દંપતી માટે પડ્યા મૂકવા. (----------)

૪) જમાડ્યા વિના નહિ જવા દઉં બાપજી...... દયા કરો. (----------)

મેં સ્નાન કર્યું અને સંધ્યા કરવા બેઠો. સંધ્યા કરીને લગભગ આઠેક વાગ્યે વિદાય થવાની પ્રબળ ઇચ્છા બતાવી તો ગળગળા કંઠે વૃદ્ધ બોલ્યા, 'બાપજી, મેં શું પાપ કર્યાં છે કે તમે મારા આંગણેથી ભૂખ્યા જાઓ છો? જમાડ્યા વિના નહિ જવા દઉં બાપજી...... દયા કરો....' મારી આંખો પણ પલળી ગઈ. મારે શું કરવું? આ વૃદ્ધ કોઈ હિસાબે માને તેવો નથી લાગતો. હું રોકાઈ ગયો.

હું જે બાંકડે બેઠો હતો તેની એવી સ્થિતિ હતી કે ઓરડીનું આખું દશ્ય જોઈ શકાતું હતું. મેં જોયું કે પેલાં વૃદ્ધ ડોશીમા એક-બે ઘરમાં આંટાફેરા કરીને કયાંકથી લોટ લઈ આવ્યાં. રીંગણાંનું શાક કર્યું. સારું થયું કે મારે સાદું ભોજન જમવાનો નિયમ હતો, નહિ તો આ વૃદ્ધ લાડુ જ બનાવડાવત. સાડા દશ વાગ્યે રીંગણાનું શાક અને રોટલા તૈયાર થયા. મેં ત્રાંસી આંખે જોયું કે ત્રણ રોટલા તૈયાર થયા હતા. મનોમન નક્કી કર્યું કે અમે ત્રણ જણાં છીએ એટલે મારે એક જ રોટલો ખાવો. બાકીના બે આ વૃદ્ધ દંપતી માટે પડ્યા મૂકવા.

હાથપગ ધોઈને મને જમવા બેસાડ્યો. પિત્તળની ગોબાવાળી થાળીમાં એક રોટલો અને શાક મૂક્યું. જેણે સંપત્તિના તો ઢગલા જોયા છે પણ ભાવનાના ઢગલા નથી જોયા તેણે કશું જ નથી જોયું. જીવન હૃદયમાં અંકુરે છે, અને હૃદયમાં જ ભાવના અમૃતથી ફળે-ફૂલે છે. જે સંપત્તિમાં કે માત્ર મસ્તિષ્કમાં જ જીવન શોધવા ભટકે છે, તે ભટકતા જ રહી જાય છે. જીવનની જગ્યાએ તેમના હાથમાં માત્ર મૃગજળ આવે છે. વ્યક્તિને જ્યારે ભાન થાય છે કે જીવન તો હૃદયની ઊંડી ગુફામાં ધબકારા લેતું હોય છે. બુદ્ધિની કર્કશતા કે સંપત્તિના અહંકારથી ઊગરવા જે ઊંડાણમાં તે સરી ગયું છે ત્યાં જ પરમાત્મા છે. તેને પામવાનું સાધન નિર્મળ ભાવના છે. અહંકાર અને બૌદ્ધિક કર્કશતા દૂર થાય એટલે તે આપોઆપ સપાટી ઉપર આવે છે. તેના સપાટી ઉપર આવતાં જ પરમાત્મા પણ સપાટી ઉપર આવે છે. બસ, આનું નામ જ ઈશ્વરદર્શન છે.

**બ-૨ યોગ્ય વિકલ્પ શોધી વિધાન ફરીથી લખો.** **(૨)**

૧) મારે સાદું →
- જીવન જીવવાનો નિયમ હતો
- જમણ ન ચાલે
- ભોજન જમવાનો નિયમ હતો

૨) પિત્તળની ગોબાવાળી થાળીમાં →
- ચા પિવડાવી
- એક રોટલો અને શાક મૂક્યું
- દક્ષિણા મૂકીને આપી

**બ-૩ ગદ્યખંડમાં વપરાયેલ વિરામચિહ્નોના નામ લખો.** **(૨)**

**બ-૪ 'આવેલ અતિથિનો સત્કાર' તમારા શબ્દોમાં લખો.** **(૨)**

---

**ક) નીચેનો ગદ્યખંડ વાંચી આપેલી કૃતિ કરો.**

**ક-૧ ગદ્યાંશમાં આવેલા અંગ્રેજી શબ્દો :** **(૨)**

અમને હાશ થઈ ગઈ. ભગવાને કદાચ મારી આવરદામાંથી છ કલાકને બદલે બે દિવસ તો નહિ આપી દીધા હોય? જેવી ભગવાનની મરજી. અમારે તો ઘરમાંથી વહેલામાં વહેલી તકે ભાગી છૂટવું જ હતું. ફોન પર બસની વ્યવસ્થા કરી લીધી. પત્ની સુશીલ નારી એટલે એને જરા ઉચાટ થયો કે કાકા-કાકી સવારે આવશે અને ઘરને બારણે તાળું જોશે તો ક્યાં જશે?

મેં એ પ્રશ્નની ઉપેક્ષા કરી કહ્યું : ''અત્યારે આપણને આબુમાં દિવાળી ટાણે જગ્યા મળશે કે કેમ એ પ્રશ્ન મહત્વનો છે. કાકા-કાકીનું શું થશે એ પ્રશ્ન મહત્વનો નથી.'' અમે જેઠાકાકાને ઝિંદાબાદ અને કાકા-કાકીને હવે પછીની દિવાળી માટે બેસ્ટલક પાઠવીને સવારમાં આબુ પહોંચી પણ ગયાં. સામાન પત્નીને ભળાવીને હું હોટેલમાં, ધર્મશાળામાં જયાં મળે ત્યાં રૂમ શોધવા નીકળી પડ્યો. પાંચ-સાત સ્થળેથી 'જગ્યા નથી' નો રોકડ જવાબ મળ્યા પછી મને જ્ઞાન થયું કે ડાહ્યા માણસે પ્રવાસમાં હોટલનું અગાઉથી બુકિંગ કરાવવું જોઈએ.

પણ એ જ્ઞાન મોડું પડ્યું.

એક ભાઈ આબુના રસ્તા પર ટહેલવા નીકળ્યા હતા. તેમને કોઈ હોટેલમાં જગ્યા વિશે પૂછ્યું. એમણે બસસ્ટૉપ પાસેની હોટેલમાં તપાસ કરવાની સલાહ આપી. અમે સામાન લઈને બસસ્ટૉપ પાસેની હોટેલ તરફ ગયાં. હોટેલના મૅનેજરને પૂછ્યું : ''એક ફેમિલી માટે રૂમ મળશે?''

ક-૨ પ્રવાસે જવા માટે હોટેલનું બુકિંગ કરાવવા માટેનો ટેલિફોનિક સંવાદ લખો. (૨)

---

## વિભાગ-૨ પદ્ય

**પ્ર.૨ નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.**

**અ-૧ પાંચ પાતકના નામ લખો.** **(૨)**




સંતકૃપાથી છૂટે માયા, કાયા નિર્મળ થાય જોને,
શ્વાસેશ્વાસે સમરણ કરતાં, પાંચે પાતક જાય જોને.

કેસરી કેરે નાદે નાસે કોટિ કુંજર જૂથ જોને,
હિંમત હોય તો પોતે પામે સઘળી વાતે સૂથ જોને

અગ્નિને ઊધેઈ ન લાગે, મહામણિને મેલ જોને,
અપાર સિંધુ મહાજળ ઊંડાં, મર્મીને મન સહેલ જોને.

બાજીગરની બાજી તે તો જંબૂરો સૌ જાણે જોને,
હરિની માયા બહુ બળવંતી, સંત નજરમાં નાણે જોને.

**અ-૨ ૧) નીચેનામાંથી પદ્યાંશમાં ઉલ્લેખ ન થયેલ ઘટક પર ◯ કરો.** **(૧)**

૧) છાયા, માયા, કાયા

૨) જૂથ, યૂથ, સૂથ

૨) પદ્યાંશને આધારે આપેલ વિધાનની કાવ્યપંક્તિ લખો. (૧)

''સિંહની ગર્જના સાંભળી કરોડો હાથીના ઝૂંડ ભાગી જાય છે.''

**અ-૩ આપેલ ચોકઠામાંથી પદ્યાંશમાં ઉલ્લેખ થયેલ શબ્દ શોધો. (૨)**

દા. ત. ગંદકી હોય તે મેલ

| | | | |
|---|---|---|---|
| ના | કે | સ | રી |
| દ | સ | હે | લ |
| ના | રી | સ્મ | લ |
| કૂં | જ | ર | મે |
| જ | ર | ણ | લ |

૧) સિંહ ---------------

૨) હાથી ---------------

૩) સરળતાથી -------------

મળે તે -------------

૪) અવાજ ------------

**અ-૪ સંતકૃપાનો મહિમા તમારા શબ્દોમાં લખો.**

---

**પ્ર૨-બ નીચેનો પદ્યખંડ વાંચી આપેલ કૃતિ કરો.**

બ-૧

**ગુજરાતીઓના ગુણો**

અઝીઝ પ્રેમજી, તુલસી તંતી, અફાટ છે અંબાણી
તાતા, નિરમા, સન, કેડિલા મબલક કરે કમાણી
રણમાં પારિજાત ઉગાડે ને ખેતરમાં જાત
સૂરજને ખિસ્સામાં રાખે, દિવસ હોય કે રાત
તડકાને તાબામાં રાખી ચાંદની ગીતો ગાતી
ખમીરવંતી છાતી લૈ જે જીવે એ ગુજરાતી.
કકડામાંથી કરતબ નીકળે, અક્ષરમાંથી આશા
રીઝે તો એ પૂજા કરે, ખીજે તો ફેંકે પાસા
પગ વિનાની પગદંડી પર નસીબ મળતું સામું
સફળતા સામે ચાલીને પૂછે છે સરનામું.
બાવન ગજની ધજા સમી અસ્મિતા અહીં લહેરાતી
ખમીરવંતી છાતી લૈ જે જીવે એ ગુજરાતી.

**બ-૨ ગુજરાતી ઉદ્યોગપતિના નામ** **(૨)**

અંબાણી — ( ) — ( ) — ( ) — ( )

**બ-૩ નમૂના પ્રમાણે લખો.** **(૨)**

દિવસ × રાત

છાંયો × -----------

નિરાશા × ----------

નિષ્ફળતા × ---------

મરે × ---------

**બ-૪ કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.** **(૨)**

---

## વિભાગ-૩ વિશેષ વાચન

**પ્ર. ૩ નીચેનો ગદ્યખંડ વાંચીને આપેલ કૃતિ કરો.** **(૧)**

અ) ૧) અબ્રાહમ લિંકનના ગુણ - [ ] [ ]

૨) ( ) — લિંકનની ચતુરાઈનું પરિણામ — ( ) (૧)

દક્ષિણનાં રાજ્યોમાં વિરોધ-વંટોળ જોરથી ફૂંકાતો હતો. ને વાતાવરણ તંગ બની ગયું હતું. આંતરવિગ્રહની તૈયારીઓ થવા માંડી હતી. સંઘ રાજ્યમાંથી રાજ્યો છૂટાં પડવા માંડ્યાં. આ બધું લિંકન જોઈ રહ્યા હતા. સર્વત્ર અંધાધૂંધી પ્રસરી ગઈ હતી.

પ્રમુખ લિંકન હિંમત હારે તેવા ન હતા. તેમણે ધીરજપૂર્વક કામ લેવા માંડેલું અને કટોકટીના સમયે સર્વપક્ષીય રાષ્ટ્રીય સરકારની રચના કરી.

આ જોઈ એમના પક્ષના માણસો અકળાઈ ગયા. તેઓ સમજતા કે લિંકન રાજકારણ શું છે. તે સમજતા જ નથી સાવ બુદ્ધુ જેવા છે. પણ એમને એ કયાં ખબર હતી કે લિંકન બધું સમજતા હતા.

અંદરખાનેથી બધા પ્રધાનો લિંકનની મજાક કરતા હતા તે કહેતા કે, ''જંગલમાં જન્મેલો આ કઠિયારો કિસ્મતના જોરે રાષ્ટ્રનો પ્રમુખ બની બેઠો છે'' પણ કે કાંઈ કામ કરી શકશે નહિ, જરૂર, તે નાસીપાસ થઈ જશે ને ભાગી જશે. એના ગયા પછી રાજ્યની લગામ આપણા હાથમાં જ આવી

જવાની છે.

એક પ્રધાને તો લિંકનને અવિવેકપણે પત્ર પણ લખ્યો હતો. પરંતુ આ બધું લિંકન સહન કરી લેતા અને પત્રનો જવાબ વિવેકભર્યો લખ્યો પણ હતો.

લિંકનની સિફત અને ચતુરાઈભરી વર્તણૂકથી બધા પ્રધાનોનું ઘમંડ ચકનાચૂર થઈ જતું. પરિણામ એ આવ્યું કે લિંકનનો વિરોધ જે પ્રધાનો કરતા હતા તે બધા જ લિંકનની મુક્ત કંઠે પ્રશંસા કરતા થઈ ગયા.

ઉત્તર-દક્ષિણના ઝઘડામાં 'ગુલામી નાબૂદ કરો' ના પ્રશ્ને ભારે વિરોધ-વંટોળ ફૂંકાઈ રહ્યો હતો. પરંતુ લિંકન પોતાના નિશ્ચય પર અટલ રહ્યા હતા.

બ) તમે જો લિંકનની જગ્યાએ હોત તો .......... (૨)

---

# વિભાગ-૪ વ્યાકરણ

**પ્રશ્ન ૪ સૂચના પ્રમાણે કરો.**

**અ) સમાસના યોગ્ય જોડકાં જોડો.** **(૨)**

| અ | | બ |
|---|---|---|
| ૧) | ચોપાનિયા | ૧) વૈકલ્પિક દ્વન્દ્વ સમાસ |
| ૨) | ડગલે પગલે | ૨) મધ્યમપદલોપી સમાસ |
| ૩) | પુષ્પગુચ્છ | ૩) દ્વિગુ સમાસ |
| ૪) | કપ રકાબી | ૪) સમાહાર દ્વન્દ્વ સમાસ |
| | | ૫) ઈતરેતર દ્વન્દ્વ સમાસ |

**બ) આપેલ વાક્યની સામે યોગ્ય કાળ લખો.** **(૨)**

૧) સ્ટોલવાળાને એકવીસ પૈસા આપવા પડશે. ---------------------

૨) વિદ્યાર્થીઓને હજુ વિષય બદલવાની તક છે ---------------------

૩) હું ગમતા શૂઝ ખરીદી શક્યો ન હતો -------------------------

૪) સૂરજ ડોશી એમને એમ બેસી રહ્યા હતા ---------------------

**ક) યોગ્ય વિકલ્પ શોધીને ચોકઠામાં જવાબ લખો.** **(૨)**

૧) હૈયું ચિરાઈ જવું [ ]

- હૃદયમાં ઘા પડ્યો
- ખૂબ દુ:ખ થવું
- આનંદ થવું

૨) આભા થઈ જવું [ ]
- ચકિત થઈ જવું
- ઊભા થઈ જવું
- ડઘાઈ જવું

૩) ઠેકડા મારવા [ ]
- બડાશ મારવી
- કૂદકા મારવા
- હોશિયારી મારવી

૪) લોહી રેડવું [ ]
- ખૂન થવું
- ઈજા થવી
- અથાગ પ્રયત્નો કરવા

**ઽ) યોગ્ય સંધિ વિગ્રહ શોધો.** **(૨)**

૧) રામેશ્વર = [ ]

| રામા + ઈશ્વર | રમા + ઈશ્વર | રામ + ઈશ્વર |

૨) પ્રત્યક્ષ = [ ]

| પ્રતિ + અક્ષ | પ્રતિ + યક્ષ | પ્રત્ય + અક્ષ |

૩) પરીક્ષા = [ ]

| પરિ + ઇક્ષા | પરી + ઈક્ષા | પરિ + રક્ષા |

૪) લોકાધિરાજ = [ ]

| લોક + ધિરાજ | લોક + અધિરાજ | લોકા + અધિરાજ |

**ઇ) વિરામચિહ્નોના નામ લખો.** **(૨)**

(.) ____________________

(?) ____________________

(!) ____________________

(,) ____________________

**પ્રશ્ન ૫**

# વિભાગ-૫ લેખન કૌશલ્ય

**અ)** **પત્ર લખો**

સરનામું
સંબોધન
વિગત
અંત
લિ.

અભ્યાસ સાથે અન્ય પ્રવૃત્તિઓનું મહત્વ નાનાભાઈને જણાવો

**અથવા**

**પત્ર લખો**

અંધશાળાના આચાર્યને

અંધશાળાની મુલાકાત લેવા માટે આવેદન પત્ર

અંધશાળા વિશે જાણવાની ઉત્સુકતા, સમય વિ. સંખ્યા, પરવાનગી

**બ)** **જો મોબાઈલ ફોન ન હોય તો ..... ! નિબંધ લખો.**

**ક)** **સ્વચ્છતા અભિયાનનો અહેવાલ લખો.**

સ્થળ
સમય
અભિયાન માહિતી
મુખ્ય અતિથિ
વિગત

**પ્રશ્ન ૬ નીચેનામાંથી કોઈપણ ત્રણ લખો. (કોઈપણ ચાર પૂછવાના) (૧૫)**

**અ) ભાષાંતર કરો.**

1) Intelligent and respectful people always have attitude of fact finding not fault finding.

2) Sun rises in the East and Sets in the West.

3) We must follow the traffic rules for safety.

4) Time and tide waits for none.

5) Bad handwriting is sign of incomplete education.

**બ) મુદ્દાપરથી વાર્તા લખો. (૫)**

લોભી બ્રાહ્મણ ............. ધન પ્રાપ્તિ માટે પ્રભુ ભક્તિ .......... ઈશ્વર પ્રસન્ન ........... સોના મહોરો માંગવી ............ ઈશ્વરની શરત ........... એક પણ સોના મહોર ખોળામાંથી નીચે ન પડવી જોઈએ............. બ્રાહ્મણની લાલચ વધવી .......... ખોળામાંના કપડાનું ફાટ્યું ............. સોનામહોર અને ઈશ્વરનું અદશ્ય થવું ........... બોધ ......... શીર્ષક.........

**ક) જાહેરાત તૈયાર કરો. (૫)**




**ડ) તમારી શાળામાં વિદ્યાર્થીઓએ યોજેલા આનંદમેળાની આમંત્રણ પત્રિકા તૈયાર કરો.**

→ સ્થળ → સમય → મુખ્ય અતિથિ → આમંત્રણ વિગત

**ઈ) ગદ્યખંડ વાંચી પાંચ પ્રશ્નો તૈયાર કરો. (૫)**

વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાનાં ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવા જ હોય છે. જો આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકારાર્થે ન થવાનો હોય તો તેની ઉપયોગિતા શી? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદ્‌ગુણો તજતા નથી. જગત તેમની સ્તુતિ કરે કે ન કરે, તેઓ શ્રીમંત હો કે ગરીબ હો, તેઓ અલ્પાયુ હો કે દીર્ઘાયુ હો, તેઓ ગમે તે સ્થિતિમાં હો, પરંતુ તેઓ પોતાના માર્ગમાંથી ચલિત થશે નહિ. જે બીજાના માટે જીવતો નથી તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એ તો કાગડા-કૂતરાનું જીવન. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ પોતાનું જીવન સાર્થક કરે છે.